# ધનસુરા તાલુકાના વડાગામ ખાતે જુગાર રમતા ૧૬ શકુનીઓ ઝડપાયા

## એલ.સી.બી. અને ધનસુરા પોલીસ સાથે મળી રેડ કરી

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ ખાતે આજે બપોરના સુમારે જિલ્લા એલસીબી અને ધનસુરા પોલીસ દ્વારા સાથે મળીને વડાગામ ખાતે બંધ મકાનમાં ચાલતુ એક જુગારધામ ઝડપી પાડ્યું હતું.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકાના વડાગામ ખાતે આજે બપોરે એક બંધ મકાનમાંથી ધમધમતુ જુગારધામ ઉપર અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. પી.કે. પટેલ અને ધનસુરા પી.એસ.આઈ. રવીભાઈએ પોતાની ટીમ સાથે રેડ કરતાં આ જુગારધામમાંથી કુલ ૧૬ જેટલા જુગારીયાઓ જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. તેમની પાસેથી પોલીસે ૫૧૦૦૦ હજાર રૂપીયા રોકડા તેમજ ૧૦ નંગ મોબાઈલ, પતરાની પેટી મળીને કુલ ૮૯૪૯૫ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

આ આરોપીઓમાં ધવલ પંચાલ (વડાગામ), જયેશ કાન્તી પરમાર (વડાગામ), દિલીપ પરમાર (ધમડેડા), વિજયસિંહ અગરસિંહ ઝાલા (ગાબડ) જયંત પટેલ (વડાગામ), નરેશ બબા પટેલ (મોડાસા), નિપમ મહેશ મણીલાલ કારીગર (વડાગામ), યુનુસ કાળુ શેખ (તલોદ), મહેમુદ રસુલ મલેક (બાયડ), બાબુ ઉસ્માન કલામ (પાંચકુહાડા), પ્રકાશ રમણ ખાંટ (વડાગામ), અભેસિંગ મંગળ પરમાર (પાંચકુવા), અમરત કારીયા ઠાકોર (ધનસુરા), હનીફ યુસુફ કલામ (પો. કુહાડા), રશ્મિન રણછોડ રાઠોડ (ધનસુરા), મીઠુ ધનજી



(તસવીર : સમીર બલોચ, બાબુભાઈ પટેલ મોડાસા)



## એસ.ટી. ડેપો રંગરોગાનથી વંચિત રહ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ ઉજવણી સમયે એસ.ટી.ના બસ સ્ટેન્ડોને રંગરોગાન કરવામાં આવ્યા હતા, પરંતુ પથિકાશ્રમ ડેપો બસ સ્ટેન્ડ ગાંધીનગર-અમદાવાદ દોડતી બસોનું સ્ટેન્ડ રંગરોગાન વગર વંચિત રહેલ છે. હવે કોઈ સ્પોન્સર દ્વારા રંગરોગાન કરાવે તે જરૂરી છે. બસ સ્ટેન્ડને રંગરોગાન કરાવવાની જરૂરિયાત છે. સિવિલ, કલેક્ટર કચેરી, કોર્ટ માટે નવા સ્ટેન્ડ બનાવેલ છે તે આવકારદાયક છે.

## આજે સે. ૨૩માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સેક્ટર-૨૩-બી-૧માં જય અંબે મંદિરે માઈ મંડળ દ્વારા મહાસુદ-૧ તા. ૨૧મી જાન્યુઆરીના રોજ બપોરે ૨.૩૦થી ૫.૩૦ વાગ્યા દરમ્યાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરમાં વસતા ધાર્મિક ભક્તોને આ કાર્યક્રમનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચતાયતના સભ્ય ભાજપમાંથી સસ્પેન્ડ

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી અંગેના વ્હીપનો અનાદર કરી પાર્ટી વિરૂધ્ધ મતદાન કરવા બદલ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ આજ રોજ શ્રી લખુભાઈ બોઘાભાઈ નકુમને ભાજપના પ્રાથમિક સભ્યદેથી સસ્પેન્ડ કર્યા છે.

## સાબરકાંઠા જિલ્લામાં પેન્શન ડે ઉજવાયો

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જિલ્લામાં પેન્શનર ડેની ઉજવણી કરવામાં આવી હતી. હિંમતનગર ભિલોડા, પ્રાંતિજ, માલપુર, મેઘરજ, ધનસુરા, તલોદ ખાતે પેન્શનર ડેની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે શ્રી મણીલાલ સુથાર, શ્રી ધનજીભાઈ પટેલ, શ્રી પરાજિત પટેલ, શ્રી કે.બી. વ્યાસ, જિતેન્દ્રભાઈ પુરોહિત, શ્રી મગનભાઈ પટેલ, શ્રી ગિરીશ સોની દ્વારા પેન્શનર દિવસની મહત્વની સમજ આપી સંગઠન શા માટે તે વિષે સમજણ પ્રાસંગિક પ્રવચનમાં આપી હતી. સી.જી. રાણાએ ધનસુરા ખાતે સાતમું પગારપંચ-પેન્શનરોને ફાયદાની સમજ આપી હતી. ભિલોડામાં પેન્શનર માર્ગદર્શિકાનું વિમોચન ધારાસભ્ય શ્રી અનિલભાઈ જોષિયારાએ કર્યુંહતું. સમગ્ર ગુજરાતમાં તા. ૧૭મી ડિસેમ્બરે પેન્શનર દિવસ ઉજવાયો હતો.

## કંકોતરી : જીવનનો અમૂલ્ય દસ્તાવેજ

# નરોડાના હેતલકુમાર જયસ્વાલ પાસે લગ્ન કંકોતરીઓનો અનોખો સંગ્રહ

ગાંધીનગર, તા. ૨૦

નરોડા ખાતે રહેતા હેતલકુમાર મોહનલાલ જયસ્વાલ પાસે લગ્ન કંકોતરીનો ૨૦૦૧ થી સંગ્રહ કરવામાં આવ્યો છે. આ લગ્નની કંકોતરી એ જીવનનો અમૂલ્ય દસ્તાવેજ છે, જે ફરી થતો નથી. ૨૦૦૧ ના સમયમાં જે લગ્નો થતાં તેમાં કુટુંબ ભાવના, લગ્નમાં ઉત્સાહ, ફળિયું, મહોલ્લો, તમામ લોકો ઉત્સાહથી તેની તૈયારી કરતા હતા. લગ્નની કંકોતરી તરફ નજર કરીએ તો કંકોતરીમાં કુટુંબના તમામ સભ્યોનાં નામ લખવામાં આવતા હતા. લગ્નના આગલા દિવસે ગણેશ સ્થાપન, મંડપ મુહૂર્ત, ગ્રહશાંતિ આ તમામ વિધિ કરવામાં આવતી હતી. જેના ઘરે લગ્ન હોય તેને ત્યાં અઠવાડિયા અગાઉ સગાવ્હાલા આવીને ઉતારો કરતા ને તમામ કામકાજમાં મદદરૂપ થતા. છોકરા, છોકરીને પીઠી ત્રણ દિવસ અગાઉ લગાવવામાં આવતી. લગ્નની તમામ વિધિ ગામમાં રહેલ કુમાર શાળાના આંગણે રાખવામાં આવતી હતી. તે સમયે જે સગવડો પ્રાપ્ત થતી તેના દ્વારા અતિ ઉત્સાહથી લગ્ન થતા. લગ્નની વિધિ ગોર મહારાજ ત્રણ કલાક ચલાવતા. તમામ મંત્રો બોલતા ને માનવ મહેરામણ લગ્ન પુરા થાય ત્યાં સુધી રોકાતો. આ સમય દરમ્યાન લગ્નના ખર્ચ ઓછા થતા હતા. માણસોનો એકબીજા પ્રત્યેનો આદર ભાવ જોવા મળતો હતો.

૨૦૦૧માં લગ્નની કંકોતરી સાદી જોવા મળતી જેમાં લખેલ નામ વાંચવા આપણે થાક લાગે તેટલાં નામ જોવા મળતા. આ સમયના લગ્નોમાં ભોજન સમારંભમાં લિમિટેડ વસ્તુઓ જોવા મળતી જેથી અનાજનો બગાડ ઓછો થતો હતો. જમવાનું વધે તો તેનો રાત્રે ઉપયોગ કરવામાં આવતો હતો.




૨૦૦૧માં લગ્નો જાન્યુઆરી માસમાં વધારે થતા હતા. આ સમયે શિયાળો ચાલતો હોવાથી અન્ય ખર્ચ ઓછા થતા હતા. આ સમયે લગ્ન કંકોતરીનું પ્રિન્ટીંગ સાદું, સરળ, સુંદર જોવા મળતું હતું. ૨૦૦૧ના સમયગાળા દરમ્યાન દિકરાનું લગ્ન હોય તો જાન માટે એસટી બસનો ઉપયોગ વધુ કરવામાં આવતો હતો. ૨૦૦૧માં ઘર આંગણે ગામનો ઢોલ વગાડાતો જેથી આજુબાજુ રહેતા બાળકો જોવા આવતા ને મહોલ્લાના બહેનો ભેગા મળીને સુંદર લગ્ન ગીતો ગાતા. આ સમય દરમ્યાન ચાંલ્લા પ્રથા પર નજર કરીએ તો રૂ. ૩૧, ૧૧, ૨૧, ૫૧ નો ચાંદલો હતો.

૨૦૦૨માં લગ્નની પ્રથામાં ગ્રહ શાંતિના દિવસે રાત્રે રાસ-ગરબા ઢોલ ઉપર રમાડવામાં આવતા જેમાંસ્ત્રીઓ ઉત્સાહભેર ભાગ લેતી હતી. આ સમય દરમ્યાન લગ્નગ્રંથિથી જોડાનાર દંપતિ પોતાના જીવન દરમ્યાન ગમે તેટલું દુઃખ પડે તો પણ એકબીજાને હૂંફ, પ્રેમ આપતા જોવા મળતા હતા. લગ્નના ભપકા ઓછા ને લગ્નો ટકાઉ રહેતા હતા.

૨૦૦૪ પછી લગ્નની કંકોતરીમાં સગાવ્હાલા લખવામાં આવતા નામમાં કાપ આવતો ગયો. મર્યાદિત નામ લખાતા થયા. કંકોતરીનો ભપકો વધ્યો પરંતુ માણસનાં હૃદય ટૂંકા થતા ગયા. આ સમય દરમ્યાન લગ્નનો પ્રસંગ ઘરે કરતાં વાડી તરફ પ્રયાણ થતું ગયું.

સમયનું ચક્ર પોતાની ગતિએ ચાલ્યા કરે છે, તેમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. પરંતુ, માણસની ભાવના ઓછી થવાને કારણે લગ્ન સંબંધો લાંબા ટકાઉ ન રહેતાં છૂટાછેડાના કેસો વધતા ગયા. જેથી લગ્ન કરવાવાળા ઉમેદવારોની સાથે છૂટાછેડાવાળા ઉમેદવારોની સંખ્યામાં પણ વધારો થતો ગયો.

સમયની રફતાર પ્રમાણે લગ્નમાં સાદગી દૂર થતી ગઈ ને ભપકા વધતા ગયા. હાલના લગ્નોમાં માત્ર જમણવારનો સમય જોવામાં આવે છે. જમણવાર પતાવી, વહેવાર કરીને રવાના થઈ જાય છે. જ્યારે લગ્નની વિધિ ચાલતી હોય ત્યારે માત્ર ૩૦ થી ૪૦ વ્યક્તિઓ નજરે પડતા હોય છે.

લગ્ન ગ્રંથિથી જોડાનાર દંપતિ ઉપર મોટી જવાબદારી આવે છે. તેમને લગ્ન ટકાવી, સુખ-દુઃખના ભાગીદાર થઈને ભવિષ્યનું પેઢીનું નિર્માણ કરવાનું હોય છે. ૨૧ થી ૨૫ વર્ષ દરમ્યાન લગ્ન થઈ જતા જેથી સંયુક્ત પરિવારમાં આવનાર સંતાન દાદા-દાદીના સાંનિધ્યમાં ઉછરવા લાગતું હતું. પરંતુ અત્યારે તો ભાઈ ૩૦ વર્ષ સુધી પસંદગીમાં જ સમય પસાર કરે ને તેમાંય વિભક્ત કુટુંબની ભાવના જેથી સમાજના લોકો જોડાવા કરતા તોડાવવા વધુ જોવા મળતા હોય છે.

અત્યારના સમય પ્રમાણે જે રીતે તમામ રીતી-રિવાજોમાં પરિવર્તન જોવા મળે છે તે જોતાં આગામી સમયમાં લગ્નના ખોટા ખર્ચા કદાચ બંધ થાય અને માનવ સાદગી તરફ વળતો જોવા મળે તો નવાઈ નહીં.

અત્યારે જે રીતે લગ્ન સમારંભોમાં ખોટા ખર્ચા, અનાજનો બગાડ ભવિષ્યમાં માનવજાતને નુકસાનકર્તા સાબિત થશે. પહેલાં એવું કહેવાતું કે જીવનમાં લગ્ન એકવાર થાય છે, પરંતુ હવેના સમયમાં એવો કોઈ ભરોસો રહ્યો નથી. અને હા, લગ્નમાં લાખોનો ખર્ચ કરતો માનવી પોતાની લગ્નની કંકોતરી સાચવવાનું ભૂલી જાય એવુંય બને.

## ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજના હોદ્દેદારો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખશ્રી વ્યોમેશભાઈ દિક્ષિત, ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભટ્ટ, મંત્રીશ્રી ભરતભાઈ પંડ્યા, સહમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ દિક્ષિત, સંગઠનમંત્રી ડૉ. રાકેશભાઈ ભટ્ટની વરણી કરવામાં આવી છે.

અમૃતલાલ ઉપાધ્યાય, યોગેશભાઈ ભટ્ટ, પ્રકાશભાઈ જોષી, કુ. અંજનાબેન ગોર, શ્રી નિરવભાઈ પંડ્યા, શ્રી યોગેશભાઈ પંડ્યા, દિલીપભાઈ જોષી, ચિરાગભાઈ જોષી, જિગ્નેશભાઈ ભટ્ટ, વિજયભાઈ ભટ્ટ, કારોબારી સભ્યો તરીકે વરણી કરવામાં આવી છે. બાળકોને સન્માનવા, એકલિંગનો ભંડારો, પ્રવાસ, હમુનામ મહોત્સવ, વાર્ષિકોત્સવ વગેરે કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી હતી.

# ભાજપ વિએચપી તોફાનો થાય તેવા પ્રયત્નો કરતા હોવાનો વિપક્ષી નેતાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨૦

પક્ષના જ અસંતુષ્ટો દ્વારા ગુજરાતની વર્તમાન સરકારને અસ્થિર કરવા માટે જાણી જોઈને તોફાનો થાય તેવો પ્રયત્ન કરી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.

વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકારો સાથેની વાતચિતમાં જણાવ્યું હતું કે ભાજપ તેમજ તેની ભગીની સંસ્થાઓ વી.એચ.પી. બજરંગદળ સામે આક્ષેપ છે કે આ બધા જાણી જોઈને આવા કોમી તોફાનો થાય એવા પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રયત્નો કરે છે. હાંસોટ અંકલેશ્વર અને ભરૂચમાં તાજેતરમાં બનેલ બનાવો તેનું ઉદાહરણ છે.

તેમણે જણાવ્યું હતું કે ઝીંગા માછલી વહેંચવાની બાબતમાં ભાજપ વાળા સામ સામે આવી આલીયા બેટ વિસ્તારમાં ખનીજની ચોરીઓ થાય છે ત્યાં આવુ બને. વહેંચણીમાં રહી જતા હોય તે ગમે તે રીતે કોમી તોફાનો કેમ ન કરાવવા તેમ ઈચ્છતા હોય તેની સામે પોલીસ દુઃખી લોકોને રક્ષણ આપે તો પોલીસ નકામી છે એવુ કેન્દ્રીય મંત્રી કે પછી ધારાસભ્ય બોલે આ ભ્રષ્ટાચારમાં ભાગ મેળવવા માટેનો રસ્તો વાયા કોમ્યુનલ રાયરસ છે અને ભ્રષ્ટાચાર એ બાય પ્રોડક્ટ છે.

માછીમારોના પ્રશ્ન અંગે તેમણે જણાવ્યું હતું કે સેંકડો માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે. ભૂતકાળમાં યુ.પી.એ. સરકાર વખતે ભાજપે આ મુદ્દાને રાજકીય રંગ આપીને માછીમારો કે જે પાકિસ્તાનની જેલમાં સબડે છે તેવા આક્ષેપો કરી રાજકીય લાભ લેવા માટે પ્રયત્ન કર્યો હતો.

દરિયામાં માછલીઓ પકડવામાં વિદેશી ટ્રોલરનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાથી ગરીબ માછીમારોનો રોટલો છીનવી લેવાની જ દાનત સરકારની હોય તો તેના માટે વિપક્ષ માછીમારોની સાથે છીએ. અને માછીમારોની લડતમાં સાથે રહીશું.

ગુજરાતમાં સ્વાઈન ફ્લુએ માઝા મુકી દીધી છે. ગુજરાત અને દેશમાં સ્વચ્છતા અભિયાન ચલાવવાની વાતો કરનારાઓએ સ્વાઈન ફ્લુથી દેશ અને ગુજરાતની પ્રજાને બચાવવાનો સમય પાકી ગયો છે. હોસ્પિટલોમાં ખાસ કરીને સરકારી સિવિલ હોસ્પિટલની આજુબાજુ કચરાના અને મેડીકલ વેસ્ટના જંગ ખડકાયેલા છે એમ તેમણે જણાવ્યુંહતું.



મોડાસામાં બજરંગ દળની બેઠક યોજાઈ હતી. જેમાં સંગઠનને મજબુત બનાવવા માટે પ્રખંડ મુજબ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. મોડાસા તાલુકા ના સરડોઈના રાજપાલસિંહ અનિલસિંહ રહેવરની બજરંગદળના સહસંયોજક તરીકે નિમણુંક કરવામાં આવતા સમગ્ર પંથકમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

## શબ્દાવલી - ૫૬૨૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| | ■ | ૧૦ | | | | ■ | |
| ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ૧૫ | | | ■ |
| ■ | | ■ | ૧૬ | | ■ | ■ | ૧૭ |
| ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | ૨૨ | |
| | ■ | ૨૩ | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. રખડપટ્ટી (૫)
૫. ગુનો, કસુર (૨)
૭. આરો, કિનારો (૨)
૮. એક કંદ (૩)
૧૦. અધિરાઇ, આતુર હોવું તે (૪)
૧૧. મહાદેવ, શંકર (૨)
૧૨. પગારમાંથી અમુક રકમ બાદ થઇને આવે તેને... રકમ કહેવાય(૩)
૧૪. પવિત્ર કરનાર (૩)
૧૫. છોડને નવો અંકુર ફુટે તે પાન (૩)
૧૬. ધાર્મિક પુસ્તક (મુખ્ય ચાર...) (૨)
૧૮. રામ... હતા (૩)
૨૦. ધૃણા (૪)
૨૩. ટીબી, એક રોગ (૨)
૨૪. નાવ ચાલક (૩)

### ઊભી ચાવી

૧. હીરામાણેક, કિમતી ચીજ(૩)
૨. ત્વરીત (૨)
૩. પાળેલું (૩)
૪. તકરાર (૩)
૬. આમિર-જૂહીની એક ફિલ્મ ... સે ... તક (૪)
૯. 'પકતાણ' શબ્દ આડોઅવળો (૪)
૧૦. પગાર કે કમાણી (૩)
૧૧. ... એ બધા શક્કરીયા બટેકા ખાય અને ભાંગ પીએ (૪)
૧૩. પાળી, પાણી પહેલા... બાંધવી (૨)
૧૫. સોનું, હેમ (૩)
૧૭. વરસાદની રાહ જોતું એક પક્ષી (૩)
૧૯. કુબેરનો અનુચર (૨)
૨૧. કુરબાન થવું (૨)
૨૨. ... પછી તો સોમ છે ત્રીજો મંગળવાર.... (૨)

### શબ્દાવલી ૫૬૨૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઇસબગુલ (૫) જૂન (૭) નવાબ (૮) પકવાન (૧૦) ડાટી (૧૨) ડર (૧૩) ટપકવું (૧૬) દાવત (૧૮) ઓશિયાળુ (૧૯) સજળ (૨૦) ત્વત (૨૧) બદચલન

**ઊભી ચાવી :-** (૧) ઇનકાર (૨) સવા (૩) બબડાટ (૪) લપ (૫) જુવાર (૬) નન (૯) કડવું (૧૧) ટીપણું (૧૪) માયાળુ (૧૫) માવજત (૧૬) દાસત્વ (૧૭) તળ (૧૮) ઓલાદ

## કંપની સમાચાર

### કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા જિફી સેવરની રજૂઆત

કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા આજે જિફી સેવરની રજૂઆત કરવામાં આવી હતી. આ એક વિશિષ્ટ પ્રકારનું બચત ખાતુ છે. જેને ટ્વિટર અને ફેસબુક મારફતે પણ મેનેજ કરી શકાય છે. આ ખાતુ આજના ટેક સેવી અને સોશ્યલી જોડાયેલા ગ્રાહકો માટે ખાસ બનાવવામાં આવ્યું છે. જિફી સેવર મારફતે ગ્રાહકો ઓનલાઈન શોપિંગ, રસ્તામાં જ ટ્રાન્ઝેક્શન, નાણાંકીય આયોજન વગેરે જેવી પ્રવૃત્તિઓ કરી શકશે. આમાં સામાન્ય બચત ખાતામાં મળતાં તમામ પ્રકારના લાભો મેળવી શકાય છે. જિફી સેવરના કારણે ગ્રાહકો બચત ખાતાં ઉપર રૂ. ૧ લાખ કરતાં વધારેની રકમ માટે વાર્ષિક ૬ ટકાના દરે વ્યાજ મેળવી શકે છે. અને રૂ. ૧ લાખ સુધીની રકમ માટે તેમને વાર્ષિક ૫ ટકાના દરે વ્યાજ મળે છે. વધુમાં આ ખાતાં મારફતે પસંદગીના ઈ-કોમર્સ પાર્ટનર્સ પાસેથી ખરીદી કરવા બદલ વધારાના પોઈન્ટસ મળે છે. આ પોઈન્ટસ મેળવવા માટે ગ્રાહકોએ તેમની ઓફર જોવા માટે કોટકની રિવોર્ડ વેબસાઈટ www. Kotakrewards. com ની મુલાકાત લઈને પોતાના ડેબિટકાર્ડ મારફતે ખરીદી કરવાની રહેશે. આ ખાતામાં અન્ય પણ ઘણા લાભો મળી શકે છે જેમ કે ટ્વિટર મારફતે તમે મોબાઈલ અને ડીટીએચ રિચાર્જ કરાવી શકો છો. રિવોર્ડ અને ટ્રાન્ઝેક્શન પોઈન્ટ્સ મેળવી શકો છો. દર ત્રિમાસિક ગાળામાં ૨૫ એટ પાર ચેક મફત મેળવી શકો છો. તેમજ કોટક મહિન્દ્રા બેન્કના એટીએમ ઉપર અમર્યાદિત ટ્રાન્ઝેક્શન મફત કરી શકો છો.

## સર્વે હાથ ધરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાએથી અગાઉ બે વાર દરખાસ્ત રજુ કરાયા બાદ પણ આ મામલો હજુ અભ્યાસુ તબક્કા સુધી પણ પહોંચ્યો નથી. જેના પરિણામે સેક્ટરોમાં ચોમાસા દરમિયાન ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બાકી રહેલા સેક્ટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા ટુંકમાં અભ્યાસ હાથ ધરાશે. આ માટે એજન્સીને કામ સોંપવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે શહેરમાં વરસાદી પાણીની નિકાલની લાઈન નાંખવા સેક્ટરો, રીંગરોડ અને સાઈકલ ટ્રેકને ધ્યાને લઈ સર્વે કરવામાં આવશે. આ સર્વે પાછળ રૂ. ૭.૫૦ લાખનો ખર્ચ થશે. ત્યારબાદ સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કાર્યયોજના આખરી રૂપે તૈયાર થશે.

# ગુજરાતભરમાં એશિયાટીક સિંહની વસતી ગણતરી મેમાં

અમદાવાદ,તા. ૨૦

ગુજરાત સરકાર દ્વારા દર પાંચ વર્ષે એક વખત કરવામાં આવતી એશિયાટીક સિંહની વસતી ગણતરીની પ્રક્રિયા મે ૨૦૧૫માં શરૂ થશે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, બીજીથી પાંચમી મે દરમિયાન ગીર અભ્યારણમાં એશિયાટીક સિંહની વસતી ગણતરી શરૂ થશે. સિંહની વસતી ગણતરી દર પાંચ વર્ષે કરવામાં આવે છે. છેલ્લી વસતી ગણતરી ગીરમાં ૨૦૧૦માં હાથ ધરવામાં આવી હતી તે વખતે ૪૧૧ સિંહની ગણતરી થઈ હતી. વસતી ગણતરી દરમિયાન ૧૪૧૨ સ્કેવર કિલોમીટર વિસ્તારને આવરી લેતા ગીરનાર પહાડીઓ, દરિયા કાંઠાના વિસ્તારો, ભાવનગર અને અન્ય ભાગોને આવરી લેવામાં આવ્યા હતા. ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ સંદીપ કુમારે આજે કહ્યું હતું કે, ગીર ખાતે વસતી ગણતરી આ વર્ષે બેથી પાંચમી મે દરમિયન હાથ ધરાશે. આ વસતી ગણતરી કરવા માટે કેટલાક પાસાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. હવે વન્ય વિભાગ જીપીએસ સિસ્ટમનો પણ ઉપયોગ કરશે. સિંહોના ગ્રુપ સીધીરીતે દેખાયા બાદ તેના આધાર પર ગણતરી થશે. આ કવાયત માટે મોટી સંખ્યામાં લોકો ગોઠવવામાં આવશે. યોગ્ય ટ્રેનિંગ પણ આસંદર્ભમાં લોકોને આપવામાં આવશે. જમીની વિસ્તારમાં જ્યાં સિંહ જોવા મળે છે તેવા વિસ્તારોમાં ખાસ ધ્યાન અપાશે. ૨૦૧૦ની વસતી ગણતરી દરમિયાન પણ ઘણા અધિકારીઓ જોડાયા હતા. ગીર, જૂનાગઢ, ભાવનગર, જામનગર, સૌરાષ્ટ્ર, વેરાવળ, કચ્છ સહિત સૌરાષ્ટ્ર પ્રદેશમાં સ્થિત મોટાભાગના વિસ્તારોને અગાઉ આવરી લેવાયા હતા. એશિયાટીક સિંહ માટેના સ્થળોમાં ગીર ફોરેસ્ટ નેશનલ પાર્ક, વાઈલ્ડ લાઈફ મુખ્ય છે. એશિયાના સૌથી મહત્વના સંરક્ષિત વિસ્તાર તરીકે આને જોવામાં આવે છે. ગીર નેશનલ પાર્કમાંથી એશિયાટીક સિંહની સુરક્ષાને લઈને પ્રશ્નો ઉભા થયા બાદ સુપ્રીમ કોર્ટે એપ્રિલ ૨૦૧૩માં ચુકાદો આપ્યો હતો કે, ગીર વન્ય વિસ્તારમાંથી કેટલાક સિંહને મધ્યપ્રદેશમાં ખસેડવામાં આવે.

## સર્કલ બનાવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવી તેની જાળવણી અને નિભાવણી કરશે. આ સર્કલ થતાં પ્રવેશદ્વારને પણ નવો લુક મળશે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં કર્મચારીઓ-અધિકારીઓ માટે કેન્ટીનની સુવિધા નહોતી આથી જનસેવા કેન્દ્રની સામેના બગીચામાં ઝૂંપડી જેવું સ્ટ્રકચર ઉભું કરાશે. જે લીંપણ આધારિત હશે તેમજ તેની ઉપર કાચું છાપરૂ નાખી અને તદ્દન કાચી ઈમારત બનાવવામાં આવી રહી છે.

ગ્રામીણ પરંપરા ધરાવતા આ સ્ટ્રકચરમાં બેસી અને ચા-નાસ્તાની લિજ્જત કર્મચારીઓ-અધિકારીઓ માણી શકશે. કેન્ટીનનું સંચાલન સખી મંડળને સોંપવામાં આવનાર છે. આ દિશામાં પણ નિર્માણની કામગીરી ચાલી રહી છે.

મહાનગરપાલિકા દ્વારા નિર્માણ આ બંને નજરાનાનું ૨૬મી જાન્યુઆરીના રોજ મેયરશ્રીના હસ્તે લોકાર્પણ થવાનું છે. આ માટેની તૈયારીઓ પણ ચાલી રહી છે.

## નિર્મળ જિલ્લો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં સ્વચ્છતા મિશનના અમલીકરણને લઈ સમીક્ષા બેઠક પણ યોજાઈ ગઈ છે અને તેમાં બેંક એકાઉન્ટ ખોલવાના તેમજ તેમાં જમા થયેલા ફંડની ખરાઈ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જે ૧૦૦ કન્ટેઈનરો પ્રાપ્ત થવાના છે તેના લિફટીંગ માટે રૂ. ૩૦૦ સુધીનો ચાર્જ જે તે પંચાયત દ્વારા જ ચુકવવામાં આવશે. આ માટે વાટાઘાટો આખરી થયા બાદ નિર્ણય લેવામાં આવશે. જિલ્લાના ૩૦૦ ગામોમાંથી ૧૦૦ ગામોમાં કન્ટઈનરોમાં કચરો એકત્ર કરી નિકાલ કરવામાં આવશે તો ૬૦ જેટલા ગામોમાં ડોર ટુ ડમ્પીંગ પ્રોજેકટ અમલી બની ગયો છે અને લેન્ડ ફિલ્ડ સાઈટ પણ નિયત થઈ ગઈ છે. હવે આ માટે સુકો કચરો અને ભીનો કચરો અલગ તારવવા માટે ડસ્ટબીનોનું પણ વિતરણ કરવા માટેનું આયોજન થઈ રહ્યું છે.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ગુહાઈ નહેર પેટા વિભાગ નં.૫, હિંમતનગર, જી. સાબરકાંઠા ફોન નં. ૦૨૭૭૨-૨૪૫૨૫૧ની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી ગુહાઈ યોજના અંતર્ગત અંદાજી રકમ રૂ. ૨.૯૨ લાખના એક કામો માટે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૩૧/૧/૨૦૧૫ તથા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તારીખ ૬/૨/૨૦૧૫ રાખવામાં આવેલ છે. વધુ વિગતો કચેરીમાં તથા વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૯૫/૨૦૧૫